સુવિચાર
"વૃક્ષ આપણને શીખવે છે કે અંદરથી તૂટવાનું નથી, ફૂટવાનું છે."
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૭/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ જેઠ વદ-અમાસ વર્ષ : ૧૭ અંક : ૧૮૦

## નવા પ્લેટફોર્મની કામગીરી નબળી હોવાથી સાંસદ રોષે ભરાયા

# સાવરકુંડલાનાં જીરા ગામે રેલ્વે સ્ટેશનનાં નિર્માણમાં દે ધનાધન

**સાંસદે સ્થળ પરીક્ષણ કરીને રેલ્વે અધિકારીને કડક કાર્યવાહી કરવા સુચના આપી**

**નબળી કામગીરી કરનાર બાંધકામ એજન્સીને બ્લેક લિસ્ટ કરવાની પણ સુચના આપી**

**નબળી ગુણવત્તાનું કામ તોડીને પૂન: ધોરણસર કરાવવા પણ નિર્દેશ આપ્યો**

**જિલ્લાનાં તમામ જનપ્રતિનિધિઓ પ્રામાણિકપણે બાંધકામની તપાસ કરે તો તમામ બાંધકામો મજબુત બને તે નક્કી**



અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાના જીરા રેલ્વે સ્ટેશન પર થોડા મહિના પહેલાં બનાવવામાં આવેલા નવા પ્લેટફોર્મની ગુણવત્તાને લઈને ગંભીર સવાલો ઉભા થયા છે. પ્લેટફોર્મમાં નબળી કામગીરી થયાની ફરિયાદ બાદ સાંસદ ભરત સુતરીયાએ જાતે જ સ્થળ પર પહોંચી નિરીક્ષણ કર્યુ હતું. સ્થળ તપાસ દરમિયાન કામગીરીમાં ગંભીર ખામીઓ નજરે ચડતાં તેમણે સંબંધિત રેલ્વે અધિકારીઓને તાત્કાલિક કડક કાર્યવાહી કરવા અને જવાબદાર કોન્ટ્રાકટર એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની સૂચના આપી હતી. સાથે જ નબળી ગુણવત્તાવાળું કામ તોડી ફરીથી ધોરણસર કરાવવા પણ નિર્દેશ આપ્યો હતો.

આ સમગ્ર મામલો ત્યારે સામે આવ્યો જયારે સાવરકુંડલાના પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે ચાર દિવસ અગાઉ સાંસદને લેખિત રજૂઆત કરી હતી. રજૂઆતમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે જીરા રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મનું કામ અત્યંત નબળી ગુણવત્તાથી કરવામાં આવ્યું છે. વધુમાં, આવી કામગીરી છતાં કોન્ટ્રાકટરને

અનુસંધાન પાના ૬ ઉપર

LG Life's Good.
Explore the new range of Single Door Refrigerators
Nature Series
SPRING
224 L (D23)
210 L (D22)
Available in: Base Stand & Non-Base Stand
Color options: Wine Royal
LG BEST SHOP મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કાર્કેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,30,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૩/૦૭/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
6354973131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

सुश्रुत આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
naarihospitalamreli@gmail.com

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Namkeen)
• Cashier - 1
• Sales Co - Ordinator - 2
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 1
Location: Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

## વર્ષોથી સભાસદોનો વિશ્વાસ જાળવી રાખતી

# બાબરાની મર્કેન્ટાઈલ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટીનાં ચેરમેન તરીકે મનોજ જોગી

**બિનહરિફ થયેલ વરણીને સાર્વત્રિક આવકાર**



બાબરા, તા. ૧૩

બાબરા શહેરની અગ્રણી અને પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા મર્કન્ટાઈલ ક્રેડિટ કો. ઓ. સોસાયટી લિ.ના ચેરમેન તરીકે શહેરના અગ્રણી વેપારી, પીઢ સહકારી આગેવાન અને લોકપ્રિય વ્યકિતત્વ મનોજભાઈ જોગીની બિનહરીફ વરણી થતાં સમગ્ર શહેરમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા સર્વાનુમતે તેમની ચેરમેન તરીકે નિયુકિત કરવામાં આવતા સહકારી, સામાજિક, રાજકીય તેમજ વેપારી વર્તુળોમાંથી શુભેચ્છાઓ અને અભિનંદનોનો ધોધ વહ્યો હતો.

મનોજભાઈ જોગી વર્ષોથી સહકારી ક્ષેત્રમાં સક્રિય રહી

અનુસંધાન પાના ૬ ઉપર

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી અમરેલી માં...
Apollo HOSPITALS
દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. જતીન વખારિયા, કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS
દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. પાર્થ જોષી, MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર), મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન
દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી — ડો. શ્રેયા બુટાલા, MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist
દર મહિનાના ત્રીજા શુક્રવારે — ડો. પ્રિતિશ શાહ, એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી), કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ
આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066

ગીરમાં ૪૦૦ અને રેવન્યુ વિસ્તારમાં ૫૦૦ સિંહો વચ્ચે ફાટી નીકળ્યો ભયાનક જીવન સંઘર્ષ, ગેરકાયદે સિંહદર્શન અને રિસોર્ટ માફિયાઓ સામે જીવશાસ્ત્રીનો સણસણતો સવાલ !

# સિંહોના બદલાતા મિજાજ પાછળનું ચોંકાવનારૂં સાયન્સ : જંગલનો રાજા 'માનસિક તણાવ'માં ? માત્ર સિંહ જ નહીં, ગાય–આખલા અને કૂતરા પણ કેમ બન્યા હિંસક ?

## વધતી વસ્તી, શિકારની અછત અને પજવણીનું એકમાત્ર કાયમી નિવારણ એટલે 'સ્થળાંતર', શું સરકાર ફરી નિર્ણય લેશે ?

અમરેલી, તા. ૧૩

છેલ્લા કેટલાક સમયથી ગીર અને તેની આસપાસના વિસ્તારોમાં સિંહો ધ્વારા માનવ પર હુમલાનું પ્રમાણ અચાનક વધી ગયું છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે. વરસો પહેલા આવા કિસ્સાઓ ભાગ્યે જ બનતા, તો હવે આવું થવાનું મુખ્ય કારણ શું ? માત્ર સિંહ જ નહીં, આજના સમયમાં ઘણા ખરા પ્રાણીઓ અને ખુદ માનવીના વર્તનમાં પણ મોટું પરિવર્તન જોવા મળી રહ્યું છે. ભૂતકાળમાં અગાઉ કયારેય નહોતા બનતા એવા "ગાયમાતા" ધ્વારા વ્યકિત ઉપર હુમલો થયા હોય તેવા હૃદયદ્રાવક કિસ્સાઓ પણ બન્યા છે. આખલાઓની લડાઈ આજે રોજબરોજની ઘટના બની ગઈ છે અને તેને કારણે ઈજા તેમજ મૃત્યુના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. બીજી તરફ, કુતરાઓ ધ્વારા બાળક કે વ્યકિત પર હુમલો અને કુતરા કરડવાના પુષ્કળ બનાવો બનતા ખુદ હાઈકોર્ટ ધ્વારા પણ આ અંગે વિશેષ સૂચના જારી કરવામાં આવી છે. ત્યારે સિંહોના આ બદલાતા મિજાજ પાછળ કઈ ભયાનક પરિસ્થિતિઓ જવાબદાર છે, તેનો એક–એક શબ્દ સાથેનો ચોંકાવનારો વૈજ્ઞાનિક ખુલાસો જાણીતા જીવશાસ્ત્રી બિપીન જોશીએ કર્યો છે.

**શરીરનું જીવરસાયણ શાસ્ત્ર અને 'કોર્ટિસોલ' હોર્મોનનો ખેલ**

જીવરસાયણ શાસ્ત્ર (Biochemistry)ના નિયમો સ્પષ્ટ કરે છે કે, જયારે વન્યજીવો પર પરિસ્થિતિકીય ફેરફારો અને અતિશય તણાવ (Stress) હાવી થઈ જાય છે, ત્યારે તેમના શરીરમાં 'કોર્ટિસોલ' હોર્મોન્સની અસર વર્તાય છે. આ હોર્મોનના કારણે પ્રાણીઓમાં માનસિક અને શારીરિક વર્તન તેમજ શરીરમાં થતી જીવરસાયણિક ક્રિયાઓ પર ગંભીર નકારાત્મક અસરો થાય છે, જે તેમને હિંસક અને આક્રમક બનાવી મુકે છે.

**ભૌગોલિક મર્યાદા અને વસ્તી વિસ્ફોટના ચોંકાવનારા આંકડા**

જો વિશેષ કરીને સિંહના વર્તન માટે જવાબદાર પરિસ્થિતિ અને આંકડાઓ પર નજર કરીએ તો પરિસ્થિતિ વધુ ગંભીર છે.

**ગીરનાં જંગલમાં સિંહો :** હાલ ગીરના મૂળ જંગલ વિસ્તારમાં લગભગ ૪૦૦ની આસપાસ સિંહો વસવાટ કરે છે.

**રેવન્યુ વિસ્તારમાં સિંહ :** જંગલની બહાર, ફરતે આવેલા રેવન્યુ વિસ્તારમાં આશરે ૫૦૦ની આસપાસ સિંહો ફરી રહ્યા છે.

**જગ્યાની કટોકટી :** ગીર જંગલનો આશરે ૧૪૦૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર ત્યાં વસતા ૪૦૦ સિંહોના કાયમી વસવાટ માટે બિલકુલ પર્યાપ્ત (પુરતો) નથી. સિંહની પ્રકૃતિ એવી છે કે તેના ધ્વારા રોજે રોજ ૧૦ કિલોમીટર આસપાસ ભ્રમણ (પેટ્રોલિંગ) થતું હોય છે. ગીરનું જંગલ અતિશય અડાબીડ જંગલ છે. જો ખુલ્લો વિસ્તાર હોય તો સિંહને શિકાર ઝડપવામાં અને શિકાર પાછળ દોડ મુકવામાં અનુકુળતા રહે છે, પરંતુ આવી અડાબીડ વનરાજીને કારણે તેમને જંગલમાં શિકાર કરવામાં ભારે તકલીફ પડી શકે છે.

**ટેરીટરીનું યુધ્ધ અને રેવન્યુ વિસ્તારનો ભયાનક સંઘર્ષ**

સિંહોની પોતાની ચોકકસ ટેરીટરી (વિસ્તાર) હોય છે. જે સિંહ તાકાતવર હોય છે તે આ ટેરીટરી પર પોતાનો કબજો જમાવે છે, જયારે નબળા સિંહોને આ ટેરીટરીની બહાર નીકળી જવું પડે છે. આ જ કારણે, જંગલની બહાર રેવન્યુ વિસ્તારમાં પોતાની નવી ટેરીટરી બનાવવા માટે લગભગ ૫૦૦ સિંહોની વસ્તી ભટકી રહી છે, જે ક્ષમતા કરતાં ઘણી વધારે છે. આ રેવન્યુ વિસ્તારમાં

માનવ પ્રવૃત્તિઓ સતત ધમધમી રહી છે., ત્યાં મોટા પાયે ખેતી, ખનિજ ઉદ્યોગો અને લકઝુરિયસ રિસોર્ટો આવી ગયા છે., જેના લીધે સિંહો માટે ખેતીનો અવરોધ એક સામાન્ય બાબત બની ગઈ છે., જંગલના શાંત જીવન કરતા આ રેવન્યુ વિસ્તારમાં સિંહો માટે જીવન સંઘર્ષ ઘણો વધારે છે.

અહીં સિંહોએ અનેક પ્રકારની માનવ પ્રવૃત્તિઓ વચ્ચે ગભરાઈને પોતાની જાતને છુપાવીને રાખવી અત્યંત જરૂરી બને છે. પરિણામે, શિકાર મળવાની સંભાવનાઓ સાવ ઘટી જતાં તેમનામાં માનસિક તણાવ ઉદભવે છે. કોઈ ખેતર કે વગડામાં જયારે સિંહ શિકાર માટે જાય છે, ત્યારે સ્થાનિકો ધ્વારા તેને ત્યાંથી તગેડી મુકવામાં આવે છે.

**સિંહદર્શનનો કાળો વ્યવસાય, પજવણી અને સરકારી તંત્રની મિલીભગત !**

રેવન્યુ વિસ્તારમાં સિંહને જોતા જ લોકો ધ્વારા દેકારા કરવા, પડકાર ફેંકવા અને પથ્થરબાજી જેવી પ્રક્રિયાઓ થાય છે, જેનાથી સિંહોમાં નાસ–ભાગ મચી જવાના કિસ્સાઓ હવે સામાન્ય થઈ ગયા છે.

**મારણ દર્શનના નામે મોટો ખેલ :** સિંહને મહા મહેનતે શિકાર મળ્યો હોય તો પણ તે પુરા પરિવાર કે જૂથ માટે અપૂરતો હોય છે, તેથી તેઓ અવારનવાર ભૂખ્યા રહે છે. કયારેક જો વ્યવસ્થિત શિકાર મળે અને સિંહ મારણ ઉપર બેઠો હોય ત્યારે, મારણ દર્શન કરવા માટે લોકોના મોટા ટોળેટોળા ઉમટી પડે છે. આવું ગીરમાં ઘણી વખત બન્યુ છે, જયાં સ્થાનિકો ધ્વારા ફોન કરીને બહારના દર્શન શાસ્ત્રીઓ–દર્શનાર્થીઓને ગેરકાયદે આમંત્રણ આપવામાં આવે છે.

**પજવણીનો ઉદ્યોગ :** સિંહ દર્શન આજે એક મોટો વ્યવસાય બની ગયો છે, જેમાં વનવિભાગ અને કેટલાક લોકોની સીધી સાંઠગાંઠ છે તેવું પણ બહાર આવ્યું છે. સિંહ દર્શન સમયે થતી બેફામ ફોટોગ્રાફી અને ઉમટેલા ટોળાના હોબાળા સિંહને અત્યંત આક્રમક બનાવે છે. આ પજવણીના પરિણામે જ અંતે નિર્દોષ લોકો સિંહનો ભોગ બને છે, જે અત્યંત દુઃખદ બાબત છે.

**કાયદાના બેવડા માપદંડ :** ધારી–વિસાવદર રેલવે લાઈન ઈકોઝોનમાં આવતી હોવાથી ત્યાં રેલવેનું બ્રોડગેજ થતું નથી. સાવરકુંડલા અને લીલીયા વચ્ચે દોડતી ટ્રેનની ગતિ સિંહોની સુરક્ષા માટે એકદમ ધીમી કરી દેવાય છે, પરંતુ સિંહના આ જ સંવેદનશીલ વિસ્તારની આસપાસ ધમધમતા પ્રાઈવેટ રિસોર્ટો માટે કોઈ કડક નિયમો કે કાયદો નથી ! આ રિસોર્ટ અને સિંહદર્શનનો વેપલો જ સિંહની પજવણી માટે મુખ્ય કારણભૂત ગણી શકાય.

**સિંહણની મમતા અને બચ્ચાઓ પર તોળાતુ મોતનું જોખમ**

રેવન્યુ વિસ્તારમાં સિંહણ ધ્વારા બચ્ચાને જન્મ આપવો અને તેનો ઉછેર કરવો એ ખૂબ જ કપરી અને જોખમી પ્રક્રિયા છે. સિંહણ બે બચ્ચા સાથે છે તેવા સમાચાર આસપાસના વિસ્તારોમાં તરત જ પહોંચી જાય છે, અને પરિણામે દર્શનાર્થીઓના ટોળાં ત્યાં ફોટા પાડવા પહોંચી જાય છે. પોતાના નવજાત બચ્ચાના રક્ષણ માટે સિંહણ આ સમયે સૌથી વધુ આક્રમક સ્થિતિમાં આવી જાય છે. આ સિવાય સિંહણના બચ્ચાના શિકાર માટે દીપડા અને જરખ સતત ફરે છે, તેમજ નર સિંહ પણ પોતાના ભવિષ્યના સ્પર્ધક જોઈને આ બચ્ચાઓને મારી નાખતા હોય છે.

**અંતિમ અને એકમાત્ર વૈજ્ઞાનિક ઉકેલ : 'સ્થળાંતર' (Relocation)**

જે પ્રાણીઓ વરસો સુધી ગીર સિવાય સિંધુ નદી, નર્મદા નદી અને છેક ઈરાન સુધી એક રાજાની જેમ ગર્વથી રહેતું હતું, તે આજે માત્ર ભારતમાં ગુજરાતના ગીર પુરતું જ મર્યાદિત રહી ગયું છે. તેથી જ તેની યોગ્ય જાળવણી કરવી અત્યંત જરૂરી છે.

આ ગંભીર પરિસ્થિતિના કાયમી ઉકેલ માટે ગુજરાત સરકાર ધ્વારા સિંહના સ્થળાંતરનો નિર્ણય કેટલાક વરસો પહેલા લેવામાં આવ્યો જ હતો, તેની આજે ફરીથી તાતી જરૂરિયાત ઉભી થઈ છે. ભારતમાં ગુજરાત જેવું જ સાનુકુળ વાતાવરણ ધરાવતા ઘણા પ્રદેશો ઉપલબ્ધ છે. જો સિંહોને ત્યાં કોઈ સુરક્ષિત સ્થાને ખસેડવામાં આવે (સ્થળાંતર કરાય) તો જ જંગલનો રાજા પણ હેમખેમ અને લાંબુ આયુષ્ય જીવી શકશે, અને અહીંનો સામાન્ય માનવી પણ તેમના ભયના ઓથારમાંથી કાયમ માટે મુકત થઈ શકશે. ટૂંકમાં કહીએ તો– વધતી જતી વસ્તી, અપૂરતી વ્યવસ્થા અને શિકારની અછતનું એકમાત્ર કાયમી નિવારણ એટલે સિંહોનું સ્થળાંતર.

**બિપીન જોષી**
**જીવશાસ્ત્રી–અમરેલી**

---

સિંહ હુમલાનાં બનાવ બાદ વનવિભાગની કાર્યવાહી તેજ

# અંટાળીયા નજીક બનેલી ઘટનાનાં આરોપીનાં રિમાન્ડ પુરા થતા જેલ હવાલે કરાયા

## મૃતક યુવકે અન્ય લોકોને સિંહ બતાવવા માટે વીડિયો કોલ કર્યો હતો



અમરેલી, તા. ૧૩

લીલીયા તાલુકાના અંટાળીયા ગામ નજીક સિંહના હુમલાના બનાવમાં મૃતક યુવક સોહિલ મૂંઝાવરે સિંહની નજીક જઈ અને મોબાઈલ ફોનથી અન્ય બે ઈસમોને વિડીયો કોલ કરી સિંહ દર્શન કરાવતો હતો. તે તપાસમાં ખુલ્યું હતું. જેને લઈ આ બનાવમાં વનવિભાગની તપાસ વધુ તેજ બની છે. ઘટનામાં સિંહ દર્શન કરવા ગયેલા મૃતક સહિત ત્રણ શખ્સો સામે અગાઉથી જ વનવિભાગ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો હતો.

વનવિભાગે મૃતક સોહિલ મૂંઝાવર, યશરાજસિંહ વાજા રાઠોડ અને રેહાનખાન પઠાણ સામે સિંહને પજવવા અને વન્યજીવ નિયમોના ભંગ સંબંધિત ગુનો નોંધ્યો હતો. આ કેસમાં લીલીયા કોર્ટે યશરાજસિંહ વાજા રાઠોડ અને રેહાનખાન પઠાણને અગાઉ કોર્ટમાં રજૂ કરતાં બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

રિમાન્ડ દરમિયાન વનવિભાગની ટીમ બંને આરોપીઓને ઘટના સ્થળે લઈ ગઈ હતી અને સમગ્ર બનાવનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન મૃતકનો મોબાઈલ ફોન, ચપ્પલ સહિતનો મુદ્દામાલ પણ ઘટના સ્થળેથી કબજે લેવામાં આવ્યો હતો.

વનવિભાગે વધુ તપાસમાં જાણવા મળ્યું હતું કે, ઘટના સમયે મૃતક યુવકે અન્ય લોકોને સિંહ બતાવવા માટે વીડિયો કોલ કર્યો હતો. આ મામલે વીડિયો કોલ પ્રાપ્ત કરનાર બે યુવકોના પણ નિવેદનો નોંધવામાં આવ્યા છે.

આજે રિમાન્ડ પૂર્ણ થતાં વનવિભાગે બંને આરોપીઓને ફરીથી કોર્ટમાં રજૂ કર્યા હતા. કેસની પ્રાથમિક તપાસ અને રિમાન્ડ દરમિયાન મળેલી વિગતોને ધ્યાને લઈ કોર્ટ દ્વારા બંને આરોપીઓને જેલ હવાલે કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

અંટાળીયા નજીક બનેલી આ ઘટના બાદ ગીર પંથકમાં સિંહ દર્શન માટે જતાં લોકોની બેદરકારી અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે, ત્યારે વનવિભાગ દ્વારા આવા બનાવો અટકાવવા કડક કાર્યવાહી કરવાની દિશામાં પગલાં લેવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળે છે.

---

થોડા દિવસો પહેલા એક મહિલા ગુમ થયેલ

# બગસરામાંથી મળી આવેલ હાડપિંજર ગુમ થયેલ મહિલાનુ છે કે કેમ ? રીપોર્ટની રાહ

## ગુમ થયેલ મહિલાની તપાસમાં ઝડપ કરવી જરૂરી હતી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૩

બગસરા મોહરમના તાજીયાના દિવસો વિજય વિસ્તારમાંથી તાજીયા જોવા ગયેલ વૃધ્ધ મહિલા હમીદાબેન હનીફભાઈ ભટ્ટી ગુમ થતા પરિવાર દ્વારા પોલીસ સ્ટેશનમાં અરજી કરેલ હોય ત્યારબાદ પરિવાર દ્વારા પણ શોધખોળ કરવામાં આવી હતી. પોલીસ સ્ટેશનના પરિવારે અનેકવાર પૂછયું કે પરંતુ તે બાબતે કોઈ પણ જાતનો રિસ્પોન્સ ન મળતા પરિવાર જાતે શોધખોળ કરતા હતા તારીખ ૮ના રોજ જૂની સિવિલ હોસ્પિટલમાં મેદાનમાં અવાવરૂં જગ્યા પર એક મહિલાનું હાડપિંજર મળતા પ્રાથમિક તારણ તથા તેમના પરિવારને બોલાવીને પૂછતા તેમના કપડા ઉપરથી તારણ કાઢવામાં આવ્યું હતું સ્પષ્ટ કારણ જાણવા મળેલ નથી ત્યારબાદ ભાવનગર ફોરેન્સી લેબમાં મહિલાના હાડપિંજરને પ્રાથમિક તપાસ કર્યા બાદ મોકલવામાં આવ્યું હતું પરંતુ હજુ રિપોર્ટ આવ્યા બાદ જ ખબર પડે કે ખરેખર આ તે જ મહિલા છે જે ગુમ થયેલ છે બગસરાની વૃધ્ધ મહિલા જ ગુમ થયેલ અત્યારની ફાસ્ટ ટેકનોલોજી પ્રમાણે જો આપણે જોઈએ તો ગણતરીઓની કલાકોમાં જ આવા કિસ્સાઓનો નિકાલ થઈ જતો હોય છે પરંતુ પોલીસની આવી ઢીલી નીતિ સામે બગસરા વાસીઓમાં અનેક પ્રકારનો ગણગણાટ જોવા મળ્યો છે ખરેખર આ હાર્ડ પિંજર તે વૃધ્ધ મહિલાનું જ હશે તે તો ફોરેન્સિક લેબના રિપોર્ટ આવ્યા પછી જ વધુ માલુમ પડશે.

---

ભારે વરસાદે અનેક વિકાસ કાર્યોને ઉઘાડા કરી દીધા

# સાવરકુંડલાનાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી તૈયાર થયેલ માર્ગ બિસ્માર બની જતાં આશ્ચર્ય

## માર્ગ નબળો બન્યો કે વરસાદ ભારે પડી ગયો તેની તપાસ કરવી જરૂરી





સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા સ્થાનિક વહીવટી તંત્ર અને કોન્ટ્રાકટરની મિલીભગત તેમજ નબળી ગુણવત્તાના કામનો જીવતો જાગતો નમૂનો સાવરકુંડલાના મુખ્ય માર્ગ પર જોવા મળી રહ્યો છે. જનતાના પરસેવાના ટેક્સના પૈસાથી માંડ એક મહિના પહેલાં બનેલો નવો નકોર રોડ સામાન્ય વરસાદમાં જ બિસ્માર હાલતમાં ફેરવાઈ જતાં સ્થાનિકોમાં ભારે આક્રોશ ફેલાયો છે. આ ગંભીર લાપરવાહીનો પર્દાફાશ કરતો એક લાઈવ વીડિયો વોર્ડ નં. ૯ના કોંગ્રેસ કાર્યકર ઉવૈજ કાદરી દ્વારા સોશિયલ મીડિયા પર વાયરલ કરવામાં આવતાં રાજકારણ અને વહીવટી તંત્રમાં ગરમાવો આવી ગયો છે.

આ મુખ્ય માર્ગની બાજુમાં જ સરકારી કોર્ટ, મામલતદાર કચેરી અને મોટી હોસ્પિટલો આવેલી હોવાથી અહીં દર્દીઓ, વકીલો અને સામાન્ય નાગરિકોની રાત–દિવસ સતત અવરજવર રહે છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે આખો રોડ અંદરથી પોલો થઈ ગયો છે. ડામર સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે અને જમીન ધસી પડી છે, જે નબળા ભોંયતળિયા અને હલકી કક્ષાના મટીરિયલના વપરાશ તરફ આંગળી ચીંધે છે. લાખો રૂપિયાના બજેટથી બનેલો રોડ એક મહિનો પણ ન ટકતાં તંત્રની કામગીરી સામે મોટા સવાલો ઊભા થયા છે.

રોડ તૂટી જવાને કારણે અહીં રોજ નાની–મોટી અકસ્માતની ઘટનાઓ સામે આવી રહી છે. ચોમાસાના કારણે ખાડાઓમાં પાણી ભરાઈ જતાં વાહનચાલકોને ખાડાનો અંદાજ આવતો નથી. હાલમાં જ એક ગાડી આ જ જીવલેણ ખાડામાં ફસાઈ ગઈ હતી, જેને લોકોએ મહામુસીબતે બહાર કાઢી હતી. રાત્રિના સમયે આ સ્થિતિ વધુ જોખમી સાબિત થઈ શકે છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ બેરિકેડ કે ચેતવણી બોર્ડ સુધા મૂકવામાં આવ્યું નથી. અંતે કંટાળીને સ્થાનિક લોકોએ અકસ્માત નિવારવા માટે ખાડાઓમાં મોટા પથ્થરો (પાણા) અને ઝાડની ડાળીઓ મૂકવાની ફરજ પડી છે.

"આ રોડ એક મહિનો પણ ટકયો નથી. કોન્ટ્રાકટર અને નેતાઓની મિલીભગત વગર આવું હલકું કામ શકય જ નથી. શહેરીજનો જે કષ્ટ વેઠીને ટેકસ ભરે છે, તેના પૈસાનો આ રીતનો ગેરઉપયોગ કયાં સુધી ચલાવી લેવાશે ?"

આ રોડ બનાવનાર કોન્ટ્રાકટર કોણ અને શું તેના કામનું ગુણવત્તા પ્રમાણપત્ર લેવાયું હતું ?

અકસ્માતોની હારમાળા સર્જાવા છતાં સંબંધિત સુપરવાઈઝર કે એન્જિનિયરોએ હજુ સુધી આની નોંધ કેમ નથી લીધી ?

શું માર્ગ અને મકાન વિભાગ આ નબળું કામ કરનાર કોન્ટ્રાક્ટર કે જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં ભરવામાં આવશે.

વિપક્ષી કાર્યકર દ્વારા જનતાની વેદનાને વાચા આપતો આ વીડિયો સામે આવ્યા બાદ હવે જોવાનું એ રહે છે કે ઊંઘતું વહીવટી તંત્ર જાગશે અને ગુનેગારો સામે એકશન લેશે, કે પછી ભ્રષ્ટાચારના આ ખેલમાં સાવરકુંડલાની જનતા પીસાતી રહેશે.

---

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

---

બી.ફાર્મ સેમ–૬ની પરિક્ષામાં

# અમરેલી : શ્રીમતી સી.વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજનું યુનિવર્સિટીમાં ટોપટેનમાં સ્થાન

## અયુષી વઘાસીયા, પૂજા ત્રાડા અને બંસી સોરઠીયા અગ્રેસર







અમરેલી, તા. ૧૩

અમરેલીના ગજેરા શૈક્ષણિક સંકુલમાં કાર્યરત શ્રીમતી સી.વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં લેવાયેલ બી–ફાર્મ સેમ–૬ની પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ મેળવતાં કોલેજનું સ્થાન ટોપટેનમાં આવેલ છે.

કોલેજની વિદ્યાર્થીની અયુસી વઘાસીયા, પૂજા ત્રાડા અને બંસી સોરઠીયાએ પ્રથમ, દ્વિતીય અને તૃતિય સ્થાન પામેલ છે કોલેજનાં ટ્રસ્ટીઓ સ્ટાફગણે વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવેલ છે.

## શહેર ભાજપનાં પૂર્વ મંત્રી રામદેવસિંહ ગોહિલે તટસ્થ તપાસની કરી માંગ

# સાવરકુંડલામાં ઓવરબ્રિજનાં બાંધકામમાં ગેરરીતિનો આક્ષેપ

**બાંધકામ એજન્સી અને જી.યુ.ડી.સી. વિભાગનાં અધિકારીઓની મિલીભગત હોવાનો ચોંકાવનારો આક્ષેપ**

**થર્ડ પાર્ટી દ્વારા પણ નિયમ પ્રમાણે ચકાસણી કરવામાં આવતી ન હોવાનું જણાવાયું**

**જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો ખુલ્લેઆમ દુરૂપયોગ થઈ રહ્યો હોય તપાસ જરૂરી**

**બાંધકામ એજન્સી પાસેથી નાણાની રીકવરી કરવા અને અધિકારી સામે કાર્યવાહીની માંગ**



સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલાના મહુવા રોડ ગિરધરવાવ પાસે ચાલી રહેલા રેલ્વે ઓવરબ્રીજના કામમાં ખુબ જ ગેરરીતિ અને ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. રાજય સરકાર દ્વારા લોકોની સુખાકારી માટે વિકાસના કરોડો રૂપિયાના કામો કરવામાં આવી રહ્યા છે, પરંતુ ઘણી જગ્યાએ આ કામમાં ગુણવત્તાના અભાવે ગેરરીતિ અને ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો હોય છે. સાવરકુંડલાના રેલ્વે ઓવરબ્રિજનુ કામ રૂપિયા ૫૪ કરોડથી વધુની રકમનું મંજુર થયેલું છે. જે કામ તદ્દન નબળી ગુણવત્તાના મટીરીયલ્સથી અને માપ સાઈઝ કરતાં ઓછા મટીરીયલથી કરવામાં આવી રહ્યું છે, હાલમાં આ કામ કોઈપણ કારણોસર બંધ છે. પરંતુ જે કામ થોડું ઘણું કરવામાં આવ્યું છે તેમાં નિયમ મુજબ ખોદાણ કામ કરવામાં આવ્યું નથી, કોંક્રેટ ફાઉન્ડેશનમાં થિકનેસ ઓછી રાખેલ છે અને આમાં મિકસ ડિઝાઈન મુજબ કામ કરેલ નથી, તેમજ કયોરીંગ પણ પૂરતા પ્રમાણમાં કરેલ નથી, કોંક્રિટ હાઈટમાં પણ ગોલમાલ કરવામાં આવી છે, કોન્ક્રીટ કામ માટે બેચિંગ પ્લાન્ટ ઉપર કોઈ સુપરવિઝન પણ હોતું નથી અને મન ફાવે તેમ કોન્ક્રીટ કરેલ છે, કપચી, રેતી અને સિમેન્ટ પણ હલકી ગુણવત્તાની વાપરવામાં આવેલ છે, આ કામના ડ્રાઈવવર્ઝન માટેના રોડમાં પણ મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે, ખોદાણ ગામ, મેટલિંગ કામ, પી.સી.સી. અને સી.સી.ના માપ સાઈઝ ઓછા રાખેલ છે અને હલકી ગુણવત્તાનું મટીરીયલ્સ વાપરી આ સી.સી. રોડ પણ નબળો બનાવેલ છે, આ રેલ્વે ઓવરબ્રીજના કામમાં વાપરવામાં આવેલ સ્ટીલ ચીલાચાલુ કંપનીનું જણાય છે, હકીકતે તેમાં જર્મન કોટેડ ગ્રીન વાપરવાનું હોય છે, પરંતુ સ્થળ પર ચેક કરતા સ્ટીલ હલકી ગુણવત્તાનું દેખાઈ આવે છે. અહીં કામના સ્થળે કોઈ ઓથોરાઈઝડ વ્યકિત હોતા નથી, એજન્સી દ્વારા કવાલીફાઈડ એન્જિનિયર પણ રાખેલ નથી, આટલા કરોડોના ખર્ચે બનતા બ્રિજમાં બેરોકટોક કામ ચાલુ રહેલ જે ખૂબ જ સંવેદનશીલ બાબત છે. આ કામની સમયમર્યાદા આગામી તારીખ ૨૧/૦૯/૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ જશે, પરંતુ આ ઓવરબ્રીજનું કામ હજુ ૫૦% પણ પૂર્ણ થયેલ ન હોય હજુ આ કામ કયારે પૂર્ણ થશે તે અંગે મોટો પ્રશ્નાર્થ છે. જી.યુ.ડી.સી. ગાંધીનગર દ્વારા નિમણૂંક કરવામાં આવેલ પીએમસી દ્વારા કામમાં દેખરેખ રાખવામાં આવતી નથી અને સ્થળ પર કોઈ જવાબદાર હાજર હોતા નથી. આ કામના સ્થળ ઉપર સરકારી એન્જિનિયર કે થર્ડ પાર્ટી એન્જિનિયર હંમેશાં ગેરહાજર હોય છે જેથી કામ ખૂબ જ નબળું થાય છે તેથી એજન્સીને ભ્રષ્ટાચાર કરવાનો માર્ગ મોકળો મળે છે. ઓવરબ્રિજના આ કામમાં તદ્દન નબળું કામ અને ભ્રષ્ટાચાર અંગે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિમિટેડમાં લેખિતમાં અવારનવાર રજૂઆત કરવા છતાં વિભાગ દ્વારા કોઈ નોટિસ કે રિકવરી બાબતે કોઈ કાર્યવાહી ન કરી આડકતરી રીતે આ નબળા કામને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું હોય તેવું જણાઈ રહ્યું છે. જી.યુ.ડી.સી. ગાંધીનગરના જવાબદાર અધિકારીઓ અને એજન્સી દ્વારા મીલીભગત કરી, કામ કરી લોકોના પરસેવાના ટેકસના પૈસાનો ખૂબ જ મોટાપાયે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે અને નબળુ કામ થવાથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના અને જાનહાનિની શકયતા રહેલી છે. આ અંગે સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલ દ્વારા સરકારમાં ઉચ્ચસ્તરે રજૂઆત કરી આ નબળું કામ અટકાવી એજન્સી વિરૂદ્ધ તેમજ જી.યુ.ડી.સી. ગાંધીનગરના જવાબદાર અધિકારીઓ વિરૂદ્ધ શિક્ષાત્મક પગલાં ભરવા અને એજન્સી વિરૂદ્ધ નાણાકીય રિકવરી સહિતની કાર્યવાહી કરવા પત્ર દ્વારા રજૂઆત કરેલ છે.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦















### મધરાતે ૧૦૮ પહોંચે તેમ નહોતી, ત્યારે

# ખાંભાના આરોગ્યકર્મીએ પોતાની કારને દોડાવીને 'બે-જીવ' બચાવ્યા

## સગર્ભા મહિલાની મદદે આવ્યા આરોગ્યકર્મી ભરતભાઈ મકવાણા



અમરેલી, તા. ૧૩

કયારેક સમયસરનો યોગ્ય નિર્ણય અને સમયસૂચકતા વરદાન સાબિત થાય છે. ગત રાત્રીએ આશરે ૧૧ વાગ્યે વાડી વિસ્તારમાં રહેતા એક સગર્ભા મહિલાને અચાનક પ્રસૂતિની અસહ્ય પીડા થઈ હતી. ગ્રામ્ય વિસ્તાર અને રાત્રિનો સમય હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સને પહોંચવામાં વિલંબ થાય તેવી પૂરેપૂરી શકયતા હતી. સમય કિંમતી હતો અને એક-એક મિનિટ સગર્ભા તથા આવનાર બાળક માટે મહત્વની હતી. આ ગંભીર પરિસ્થિતિની જાણ થતાં જ મોટા સમઢિયાળા આરોગ્ય સબ સેન્ટરના આરોગ્ય કર્મી (MPHW) ભરતભાઈ મકવાણાએ સહેજ પણ સમય ગુમાવ્યા વિના ત્વરિત નિર્ણય લીધો. તેમણે સરકારી મદદની રાહ જોવાના બદલે પોતાની વ્યકિતગત ગાડી (કાર) કાઢી અને સગર્ભા મહિલાને તાત્કાલિક PHC (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) મોટા સમઢિયાળા ખાતે ખસેડયા.

હોસ્પિટલ પહોંચતાની સાથે જ એલર્ટ તબીબી ટીમે મોરચો સંભાળી લીધો હતો. સમયસર મળેલી સારવાર અને ટીમના સંનિષ્ઠ પ્રયાસોને કારણે મહિલાની સફળ પ્રસૂતિ થઈ હતી. આજે માતા અને નવજાત શિશુ બંને સંપૂર્ણપણે સ્વસ્થ અને સુરક્ષિત છે.

આ ઘટના માત્ર નોકરીની ફરજ પૂરતી સીમિત નથી, પરંતુ તે આરોગ્ય કર્મચારીઓની સંવેદનશીલતા અને માનવતાના ઉચ્ચ મૂલ્યોને દર્શાવે છે. ભરતભાઈની આ સમયસૂચકતા અને ટીમ હેલ્થ-ખાંભાની આ કામગીરી ખરેખર પ્રેરણાદાયી છે.

### પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડના માર્ગદર્શન તળે

# વડિયા ખાતે ખોડલધામના પ્રણેતા નરેશભાઈ પટેલના જન્મદિવસે રક્તદાન કેમ્પ યોજાયો

## સંતો, મહિલાઓએ રક્તદાન કરી સુંદર સંદેશ આપ્યો





વડિયા, તા.૧૩


ગુજરાતના કાગવડમાં ખોડલધામની સ્થાપના અને તે ટ્રસ્ટનીચે ચાલતી સમાજિક અને સેવાકીય પ્રવુતિઓથી પ્રરાઈ સૌરાષ્ટ્રના અનેક ગામોમાં ખોડલધામ સમિતિઓ અને સંગઠન નિર્માણ પામ્યું છે. ત્યારે ખોડલધામના સ્થાપક ટ્રસ્ટી તરીકે નરેશભાઈ પટેલનુ નામ સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્ર ગુંજતું થયુ છે. ૧૧ મી જુલાઈ એટલે નરેશભાઈ પટેલનો જન્મદિવસ હોવાના નાતે સમગ્ર સૌરાષ્ટ્રમાં તેની ઉજવણી થતી જોવા મળી જેમા અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયા ખાતે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંઘાડના માર્ગદર્શન નીચે ખોડલધામ સમિતિ દ્વારા રક્તદાન કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. બપોર બાદ ચાર વાગ્યાથી યોજાયેલ આ કેમ્પમાં એકાવન બોટલ જેટલું લોહી રક્તદાતાઓ તરફથી આપવામાં આવ્યુ હતુ. ત્યારે વડિયામાં ખોડલધામ સમિતિ દ્વારા એક સમાજ સેવકના જન્મદિવસની ઉજવણી દર્દીનારાયણની સેવા રૂપી કરી અનોખી રીતે જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્વામિનારાયણ મંદિરના સંતો એ રક્તદાન કરી રક્તદાન મહાદાનની સંદેશો આપ્યો હતો આ કાર્યક્રમને સફળ બનાવવા પૂર્વ મંત્રી બાવકુભાઈ ઊંઘાડના માર્ગદર્શન નીચે ખોડલધામ સાથે સંકળાયેલ જીલ્લા અને તાલુકાના લોકોએ જહેમત ઉઠાવી હતી અને મોટી સંખ્યમાં લોકોએ ઉપસ્થિત રહી રક્તદાન કર્યુ હતુ. આ રક્તદાન કેમ્પમાં વડિયા સ્વામિનારાયણ દિવ્યધામથી આનંદસ્વરૂપસ્વામી, પ્રેમસ્વરૂપસ્વામી, કંથડનાથજીની મઢીથી ભરતનાથબાપુ, બિલેશ્વર મહાદેવ મંદિરથી વિભૂતિનાથ બાપુ, ખોડલધામના સૌરાષ્ટ્ર જોન કન્વીનર એવા પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંઘાડ, અમરેલી જિલ્લા કન્વીનર રમેશભાઈ કાથરોટીયા, વડિયા વિસ્તાર કન્વીનર પરેશભાઈ કોટડીયા, સહ કન્વીનર સત્યમભાઈ માકાણી સહીત સમગ્ર ખોડલધામ સાથે જોડાયેલા લોકો અને અન્ય સમાજના સ્થાનિક આગેવાનો અને લોકોએ હાજરી આપી રક્તદાન મહાદાનરૂપી ઉજવણી કરી હતી.

### વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે

# લીલીયા મોટાની સરકારી કોલેજમાં વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાયા

## વિદ્યાર્થીઓમાં વસ્તી જાગૃતિનો સંદેશ પ્રસરાવ્યો



અમરેલી, તા. ૧૩

વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે તા. ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ સરકારી વિનયન અને વાણિજય કોલેજ, લીલીયા ખાતે વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના સમાજશાસ્ત્ર વિભાગ અને સામુદાયિક સેવા ધારા દ્વારા સંયુક રીતે યોજાયેલા આ કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગના વડા અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. મહેશ એસ. ગઢિયાના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું.વિશ્વ વસ્તી દિવસની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં વસ્તી સંબંધિત મુદ્દાઓ અંગે જાગૃતિ લાવવાના હેતુથી નિબંધ, વકતૃત્વ અને ચિત્રસ્પર્ધા ઉપરાંત રાજયકક્ષાની ઓનલાઈન કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.નિબંધ સ્પર્ધામાં 'વિકસિત ભારત માટે સંતુલિત વસ્તીનું મહત્વ', 'વિ વસ્તી દિવસનું મહત્વ' તથા 'વધતી વસ્તી : પડકારો અને ઉકેલો' જેવા વિષયો પર વિદ્યાર્થીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા હતા. જયારે વકતૃત્વ સ્પર્ધામાં ' વસ્તી વૃદ્ધિ અને કુદરતી સંસાધનો પર અસર', 'વસ્તી વૃદ્ધિ અને બેરોજગારી' તેમજ 'મહિલા શિક્ષણ અને વસ્તી નિયંત્રણ' જેવા સમકાલીન વિષયો પર અસરકારક રજૂઆતો કરવામાં આવી હતી.ચિત્રસ્પર્ધાનો વિષય 'Viksit Bharat @2047: Young People in Action' રાખવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા દ્વારા વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની ભૂમિકા અને વસ્તી જાગૃતિનો સંદેશ આપતાં આકર્ષક ચિત્રો રજૂ કર્યા હતા.આ ઉપરાંત ગુજરાત રાજયની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને ધ્યાનમાં રાખીને રાજયકક્ષાની ઓનલાઈન બહુવિકલ્પીય (MCQ) કિવઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગૂગલ ફોર્મ મારફતે યોજાયેલી આ કિવઝમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને ડિજિટલ પ્રમાણપત્ર આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.કાર્યક્રમ અંતર્ગત વસ્તી જાગૃતિ વિષયક વિશેષ વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આસિસ્ટન્ટ પ્રોફેસર (અંગ્રેજી) ડો. સબીર પરમારે વસ્તી વિસ્ફોટના કારણો, તેનાથી ઊભા થતા વૈશ્વિક અને રાષ્ટ્રીય પડકારો તેમજ તેના સામાજિક અને આર્થિક પ્રભાવ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં આસિસ્ટન્ટ પ્રોફેસર (કોમર્સ) ડો. પ્રકાશ પરમારે પ્રાસંગિક ઉદબોધન કરી વિદ્યાર્થીઓને સમાજ પ્રત્યે જવાબદાર નાગરિક તરીકે વસ્તી જાગૃતિ ફેલાવવા અપીલ કરી હતી તેમજ આભારવિધિ વ્યકત કરી હતી.કાર્યક્રમને સફળ બનાવવા માટે આસિસ્ટન્ટ પ્રોફેસર (હિન્દી) ડો. મહેશ વાઘેલા, આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી) ડો. ભારત ખેની તેમજ વિઝિટિંગ ફેકલ્ટી પ્રદીપભાઈ બલોલીતા, પ્રફુલભાઈ સોલંકી, ધર્મેશભાઈ સહિત સમગ્ર સ્ટાફે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અમરેલીનાં ટીંબલા ગામે નવા નીરના વધામણા કરતાં કૌશિક વેકરિયા





અમરેલી, તા.૧૩

અમરેલીના ટીંબલા ગામે નવા નીરના વધામણાં નિમિત્તે જળ પૂજન કાર્યક્રમનુ ભાવભર્યુ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રાજયમંત્રી કૌશિક વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા અને ગ્રામજનો તેમજ ખેડૂત ભાઈઓ સાથે મળીને જળપૂજન કરી કુદરતના અમૂલ્ય આશીર્વાદનું સ્વાગત કર્યુ હતું.આ પ્રસંગે ગ્રામજનોએ નવા પાણીના આગમનને પરંપરાગત રીતે વધાવી લીધું હતું. જળપૂજન દરમિયાન સૌએ પાણીના મહવને સમજી તેના સંરક્ષણ અને સદુપયોગ માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો. મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે પાણી માત્ર કુદરતી સંપત્તિ જ નહીં પરંતુ ખેડૂતોના જીવન અને ગ્રામ વિકાસનો આધારસ્તંભ છે.પાણીનો દરેક ટીપો બચાવવો અને તેનું યોગ્ય સંચાલન કરવું આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.તેમણે જણાવ્યું કે રાજય સરકાર પાણી સંરક્ષણ, સિંચાઈ સુવિધાઓના વિકાસ અને ખેડૂતોની સમૃદ્ધિ માટે સતત કાર્યરત છે. ગ્રામજનોને પણ વરસાદી પાણીના સંગ્રહ અને જળસંચયના કાર્યોમાં સક્રિય ભાગીદાર બનવા અપીલ કરી હતી.કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો, ખેડૂત ભાઈઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ મળીને ગ્રામીણ સુખાકારી, પાણીના સંવર્ધન અને કૃષિ વિકાસ માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ ધાર્મિક અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# બગસરામાં આપાગીગા ગાદી મંદિર ખાતે અષાઢી બીજની ઉજવણી કરાશે

## મહંત જેરામબાપુ દ્વારા ગાદી મંદિરમાં ધ્વજારોહણ કરાશે





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૩

બગસરામાં આપાગીગા ગાદી મંદિરની પરંપરા અનુસાર સંતોએ સ્થાપિત કરેલ વિધિ વિધાન મુજબ ૧૬/૭ને ગુરૂવારના રોજ અષાઢી બીજના ભાગરૂપે સવારે ૭ કલાકે મંગળા આરતી, હનુમાન ચાલીસાના પાઠહોમાત્મક યજ્ઞ બાદ પૂ. આપાગીગા ગાદી મંદિર ઉપર સમસ્ત ગધઈ પરિવાર દ્વારા પ્રથમ ધજા તેમજ બગસરાના સમગ્ર પ્રજાપતિ પરિવાર દ્વારા મનોરથી પ્રજાપતિ રવજીભાઈ નારણભાઈ માળવી સતાધાર ધામ સોસાયટી-બગસરાના નિવાસ સ્થાનેથી ધ્વજાનું સામૈયું વાજતે ગાજતે આપાગીગા ગાદી મંદિર ખાતે સવારે ૯:૩૦ કલાકે આવશે.


જગ્યાના પ્રવર્તમાન પૂ. મહંત જેરામબાપુના હસ્તે શાસ્ત્રોક વિધીથી ધ્વજાનું પૂજન અર્ચન કરી ગાદી મંદિરમાં ધ્વજા રોહણ કરવામાં આવશે. તેમજ બહુમુલી પ્રસાદી વાસ્તુ પૂ. સંત આપાગીગાના કપડા, માળા, બેરખો કેશ, (વાળા), લાકડી તેમજ પુરોગામી (પાઈપ) સંતોની પ્રસાદીની વસ્તુઓને પૂજનધૂપ (પાઈપ) દીપ નિવેદ ધરાશે ત્યાર બાદ સાંજના સમયમાં મહાઆરતીના દર્શન થશે. આ (પાઈપ) મહોત્સવમાં બગસરા તેમજ ગ્રામ્ય વિસ્તારના ભાવિકો તેમજ ગાદી મંદિરના સેવકોને આ મહોત્સવમ પધારવા તેમજ સાંજની મહાઆરતીનો તેમજ પ્રસાદનો લાભ લેવા ભાવિકોને અહીંના પૂ. મહંત જેરામબાપુએ અનુરોધ કર્યો છે. આ મહોત્સવને સફળ બનાવવા ગાદી મંદિરના સેવકો ગીગેવ ગ્રુપ તેમજ જગ્યાના કોઠારી હરિબાપુ જહેમત ઉઠાવી રહ્યા છે.

### સાસંદ સુતરીયા સહિતનાં આગેવાનો સાથે

# અમરેલીનાં વરસડા તળાવમાં રાજયમંત્રી કૌશિક વેકરિયાએ નવા નીરનાં વધામણા કર્યા

## જળસંચય અભિયાનથી તળાવો બન્યા જીવનદાયી





અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લાના અમરેલી, કુંકાવાવ અને વડિયા તાલુકામાં હાથ ધરાયેલા વ્યાપક જળસંચય અને તળાવો ઊંડા કરવાની કામગીરીના પરિણામે પ્રથમ જ વરસાદમાં અનેક તળાવોમાં નવા નીરની આવક થઈ છે. રાજય સરકારના સહયોગથી થયેલા જળસંચય અભિયાનને મળેલી આ સફળતાના અનુસંધાને આજે અમરેલી તાલુકાના વરસડા ગામે પાણીથી છલકાતા તળાવ ખાતે નવા નીરના વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો. ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને તથા અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ગામ લોકોએ નવા નીરના વધામણા કરી જળસંચયના પ્રયાસોને આવકાર્યા હતા.રાજય સરકાર દ્વારા તળાવો ઊંડા કરવા, જળસંગ્રહ ક્ષમતા વધારવા અને વરસાદના દરેક ટીપાને સંરક્ષિત કરવા માટે હાથ ધરાયેલા અભિયાનના પરિણામો હવે સ્પષ્ટપણે જોવા મળી રહ્યા છે. પ્રથમ જ વરસાદમાં તળાવો પાણીથી ભરાવા લાગતાં ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ બનશે, ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે તેમજ આગામી સમયમાં પીવાના પાણીની ઉપલબ્ધિ પણ વધુ સુદઢ બનશે. જળ સંચયના આવા પ્રયાસો ગ્રામ વિકાસ અને કૃષિ સમૃદ્ધિ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે.કાર્યક્રમ દરમિયાન ગામના આગેવાનોએ વરસડા તળાવના બ્યુટીફીકેશન તેમજ મજબૂતીકરણ સહિતના વિકાસલક્ષી મુદ્દાઓ અંગે રાજયમંત્રી સાથે ચર્ચા કરી હતી. રાજયમંત્રીએ રજૂ થયેલા સૂચનો અંગે હકારાત્મક અભિગમ વ્યકત કર્યો હતો.આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના સભ્ય દેવમુરારી, અગ્રણી ચેતનભાઈ ધાનાણી, ગામના સરપંચ તથા ગામના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### રમતગમતના મેદાન પર ઊમટયો જોમ અને જુસ્સાનો મહેરામણ

# વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલમાં શાળાકીય ખેલ મહોત્સવ સંપન્ન

## ૩૦૦ જેટલા ખેલાડીઓએ લાભ લીધો






અમરેલી, તા. ૧૩

'સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મનનો વાસ હોય છે' એ ઉકિતને ચરિતાર્થ કરતો એક અદભુત અને ઊર્જાસભર નજારો ગત તા. ૧૧મી જુલાઈના રોજ વંડા મુકામે આવેલી પી.પી.એસ. હાઈસ્કૂલના પ્રાંગણમાં જોવા મળ્યો હતો. શાળા દ્વારા આયોજિત 'શાળાકિય ખેલ મહોત્સવ' વિદ્યાર્થીઓની સુપ્ત શકિતઓને ઉજાગર કરવાનું એક શ્રેષ્ઠ માધ્યમ બની રહ્યો. યુવા શકિતના આ રમતોત્સવમાં ધોરણ ૯ થી ૧૨ના અંડર-૧૪, અંડર-૧૭ અને અંડર-૧૯ એમ ત્રણ વિવિધ વયજૂથમાં આશરે ૩૦૦ જેટલા ખેલાડી ભાઈ-બહેનોએ ભારે હર્ષોલ્લાસ સાથે ભાગ લીધો હતો.

ખેલ મહોત્સવમાં એથ્લેટિકસની વિવિધ રમતોનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦૦, ૨૦૦, ૪૦૦, ૮૦૦ અને ૧૫૦૦ મીટરની દોડમાં જયારે ખેલાડીઓએ ટ્રેક પર દોટ મૂકી ત્યારે જાણે હવાની સાથે હરીફાઈ થતી હોય તેવો રોમાંચ છવાયો હતો. આ ઉપરાંત લાંબી કૂદ, ઊંચી કૂદ, લંગડી ફાળ કૂદ અને વાંસકૂદ જેવી રમતોમાં વિદ્યાર્થીઓએ ગુરૂત્વાકર્ષણને પણ મ્હાત આપતા કરતબો બતાવ્યા હતા. શકિત અને સંતુલનના પ્રતીક સમાન ગોળાફેંક, ચક્ર ફેંક, બરછી ફેંક અને હેમર થ્રોમાં પણ સ્પર્ધકોએ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ હતું.આવા ભવ્ય આયોજનનીસફળતા પાછળ શાળાના શિક્ષકોની અથાગ મહેનત છુપાયેલી હતી. શાળાના વ્યાયામ શિક્ષક (પી.ટી. સર) ડીપી સરે તમામ ખેલાડીઓને વિવિધ સ્પર્ધાઓના બારીક નિયમો અને ખેલદિલીની ભાવનાથી માહિતગાર કરી સાચા અર્થમાં 'ગુરૂ'ની ફરજ નિભાવી હતી. મેદાન પર તટસ્થ અને પારદર્શક રેફરી તરીકેની અતિ મહત્વપૂર્ણ ભૂમિકા શાળાના કર્મઠ કર્મચારીગણ સર્વે પ્રહલાદ સર, ગજેરા સર, પ્રવીણ સર, ઓઝા સર, વિસાણી સર, ભરત સર, પરિતાબેન, ભાગ્યશ્રીબેન, નીતાબેન, ભૂમિબેન, રિધ્ધિબેન તેમજ કૈલાસબેને અત્યંત કુનેહપૂર્વક નિભાવી હતી. વિજેતા ખેલાડીઓની સિદ્ધિઓને શાળાના આચાર્ય સંજયભાઈ ચૌહાણે હૃદયપૂર્વક બિરદાવી હતી અને પોતાના પ્રેરણાદાયી શબ્દોથી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે સૌથી વિશેષ બાબત એ રહી કે, શાળાને પોતાના હૃદયમાં ધબકતી રાખનાર શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠન 'કર્મયોગ' ગ્રુપ દ્વારા તમામ વિજેતાઓને આકર્ષક અને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ વચ્ચેનો આ સેતુ ખરેખર અનુકરણીય હતો. અંતે, હાર-જીતના ભેદભાવથી પર રહીને, ખેલદિલી, શિસ્ત અને બંધુત્વની ભાવનાના અમૂલ્ય પાઠ શીખવતો આ ખેલ મહોત્સવ શાળાના ઈતિહાસમાં એક સુવર્ણ પૃષ્ઠ સમાન બની રહ્યો.

### રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં મુખ્ય મહેમાનપદે

# બાબરા તાલુકા રામાનંદી સાધુ ઉત્કર્ષ મંડળ દ્વારા ૧૬ મો સરસ્વતી વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાશે

## આગામી રવિવારે જલારામ મંદિર ખાતે કાર્યક્રમનું આયોજન

બાબરા, તા. ૧૩


બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ દ્વારા આગામી તા. ૧૯/૦૭/૨૦૨૬ નેરવિવારેસવારે૯-૦૦ કલાકથી તાપડીયા આશ્રમના મહંત પ.પૂ. ૧૦૦૮ ઘનશ્યામદાસબાપુ ગુરૂ દયારામબાપુના અધ્યક્ષ સ્થાને ૧૬,મો વિદ્યાર્થી સન્માન સમારોહ જલારામ મંદિર બાબરા ખાતે યોજાય રહ્યો છે જેમાં બાપા સીતારામ આશ્રમ-હડાળાના મહંત પ.પૂ.મણીરામબાપા ગુરૂ દયારામબાપા મિષ્ટ ભોજનના આજીવન દાતા છે. આપણા સૌના લાડકવાયા ઉર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી કૌશિકભાઈ વેકરીયા ખાસ હાજર રહી વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરશે. આ વિસ્તારના લોક લાડીલા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા પણ ખાસ ઉપસ્થિત રહેશે. રાજય મંડળના પ્રમુખ ધીરૂભાઈ દેવમુરારી, જીલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, ઉદ્યોગપતિ સિરાજભાઈ ગાંગાણી, સતારભાઈ સૈયદ, શોકતભાઈ ગાંગાણી, નાગરિક બેન્કના પ્રમુખ હસુભાઈ પોપટ, નકુભાઈ જીવાણી, અનિલભાઈ દસલાણીયા, અનીરૂકભાઈ નિમાવત-જસદણ તથા જ્ઞાતિજનો વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે, આ ઉપરાંત સાધુ સંતોમાં પૂ. સીતારામબાપુ સાત હનુમાન લીંબડીયા, પૂ. કલ્યાણદાસબાપુ રફાળીયા, પૂ.મહેશદાસબાપુ- પીપાવાવધામ -પીપાવાવ, પૂ.ભૂપતબાપુ- કાગદડી, પૂ.ત્રિભોવનદાસબાપુ-સતાપર, પૂ.ગોપાલદાસબાપુ - હિરાણા, પૂ. ઘનશ્યામદાસબાપુ (રાઘવ) -સાવરકુંડલા હાજર રહી આશીર્વાદ આપશે.છેલ્લા ૧૬, વર્ષથી આ વિદ્યાર્થી સન્માનનો કાર્યક્રમ બાબરા તાલુકા જ્ઞાતિ મંડળ દ્વારા કરવામાં આવે છે. પૂ.ઘનશ્યામદાસબાપુ-તાપડીયા આશ્રમ-બાબરા તથા મણીરામરામ બાપા-બાપા સીતારામ આશ્રમ હડાળ ાના સહયોગ અને આશીર્વાદ મળે છે અને આ કાર્યક્રમ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓનેપ્રોત્સાહિત કરવા માટેખાસ માંડવી (કચ્છ)થી કમળામાતાજથી મંદિર ટ્રસ્ટ-નારાયણ સરોવરના પ્રમુખ કે.જી. વૈષ્ણવ ખાસ હાજર રહેશે. સુન્દરમ ગોલ્ડ બિલ્ડર્સ-રાજકોટથી અશોકભાઈ લશ્કરી તથા જામનગર જ્ઞાતિ પ્રમુખ કિશોરભાઈ દેવમુરારી હાજરી આપશે. જીલ્લા મંડળના ઉપપ્રમુખ અને તાલુકા મંડળના પ્રમુખ પ્રતાપભાઈ લાભુદાસભાઈ દેવમુરારીના સીધા માર્ગદર્શન અને દેખરેખથી યુવા પાંખના બાબરા- અમરાપરના પ્રમુખ જનકભાઈ ધીરજલાલભાઈ અગ્રાવત અને તેની યુવા ટીમ કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરી રહ્યા છે.


આગામી વર્ષ માટે કારોબારીની વરણી કરવામાં આવેલ છે.

### આકાશમાં વાદળો માત્ર દેખાડા પુરતા

# સાવરકુંડલા સહિત સમગ્ર જિલ્લામાં વરસાદ ગાયબ : અસહ્ય ઉકળાટનો માહોલ

## પંખા, એસીનો પુનઃ ધમધમાટ શરૂ





સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા શહેરમાં પાંચેક દિવસ પહેલાં વરસેલા વરસાદ બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. ચોમાસાની ઋતુ વચ્ચે પણ હાલમાં કાળઝાળ ઉનાળા જેવો અસહ્ય ઉકળાટ અને ગરમી અનુભવાઈ રહી છે. આકાશમાં વાદળોની ઘેરાબંધી તો જોવા મળે છે, પરંતુ તે માત્ર 'દંભ અને ડોળ' સમાન સાબિત થઈ રહી હોય તેવો ઘાટ ઘડાયો છે. જાણે ચોમાસું લોકો સાથે છેતરપિંડી કરી રહ્યું હોય તેમ મેઘરાજા હાથતાળી આપી રહ્યા છે.

આ અસહ્ય બફારાથી બચવા માટે લોકોએ ફરીથી બપોરે અને રાત્રે પંખા ફૂલ સ્પીડમાં ચાલુ કરવા પડયા છે. જે પરિવારો પાસે સગવડતા છે, તેઓએ એ.સી. ચાલુ કરીને આ અકળાવનારી ગરમીથી રાહત મેળવવાના પ્રયાસો શરૂ કરી દીધા છે. ભર ચોમાસે ઉનાળા જેવો અહેસાસ થતાં લોકો આકૂળ-વ્યાકૂળ બન્યા છે.

બીજી તરફ, અગાઉ પડેલા વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારોમાંથી શાકભાજીની આવકમાં મોટો ઘટાડો નોંધાયો છે. આવક ઘટતાની સાથે જ બજારમાં શાકભાજીના ભાવમાં વધારો જોવા મળે છે. વાતાવરણના ઉકળાટની સાથે શાકભાજીના ભાવ વધારાએ પણ સામાન્ય નાગરિકોના ખિસ્સા પર ગરમી વધારી દીધી છે. લોકો હવે આ ઉકળાટમાંથી મુક્તિ મેળવવા અને મોંઘવારી હળવી થાય તે માટે સાચા અર્થમાં પુનઃ ધબધબાટી બોલાવતા વરસાદની રાહ જોઈ રહ્યા છે.

# ઇનરવ્હિલ કલબ ઓફ અમરેલી ગીરનો ૮મો શપથગ્રહણ સમારોહ 'સપ્તરંગ' યોજાયો



અમરેલી ખાતે તા.૧૧ જુલાઇ ૨૦૨૬નાં રોજ ઈનરવ્હિલ કલબ ઓફ અમરેલી ગીરનો ૮મો શપથગ્રહણ સમારોહ સપ્તરંગ સેજલબેન સંઘાણીનાં મુખ્ય મહેમાન પદે યોજાયો જેમાં આગામી વર્ષનાં પ્રેસિડેંટ તરીકે શિતલ તુષાર જોષી, સેક્રેટરી તરીકે રાધિકા ગોલ, વાઈસ પ્રેસિડેંટ તરીકે જાનકી અટારા, જોઈન્ટ સેક્રેટરી તરીકે શિવાની પરીખ, ટ્રેઝરર તરીકે બિના ગાંધી, ISO તરીકે વૈશાલી જોબનપુત્રા, એડિટર તરીકે નિશા ત્રિવેદી ઈ–એડિટર તરીકે સંગીતા જીવાણીએ શપથ લિધા. સાથે આ વર્ષથી નવા જોડાયેલા મેમ્બર ડો. સોનલ ઠાકર, ડો. કૃતિકા શાહ, ડો. કિશોરી ચોટલિયા, અર્ચના પંડયા, સુરભિ વામજા, વંદના સોની, આરતી જાની, હિરલ માનિયા, નિશિતા જાની, કાજલ જોષી, રીમા ચૌહાણ, મિનાક્ષી ઠાકર, ભાવના ચોટલિયા, તૃપ્તિ અગ્રાવત, નિશા ખખ્ખર સહિત શપથ ગ્રહણ કર્યા. Inner Wheelનું મુખ્ય દયેય છે. – Frindship, Service અને International Understanding આ મૂલ્યોને કેન્દ્રમાં રાખીને વર્ષભર સમાજને ઉપયોગી થાય એવા અનેક સેવા પ્રોજેકટસ હાથ ધરાશે. મહિલા સશકિતકરણ, શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ સંરક્ષણ, બાળ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન અને જરૂરિયાતમંદોની સહાય જેવા ક્ષેત્રોમાં અર્થપૂર્ણ કાર્ય કરવાનો સંકલ્પ લિધો. સાથે પૂર્વ પ્રેસિડેંટ નિધિ મહેતા અને પૂર્વ સેક્રેટરી બિના ત્રિવેદીએ વર્ષ દરમ્યાન કરેલા પ્રોજેકટની માહિતી રજૂ કરી હતી અને બધા સભ્યોએ કરેલ કામગીરીને બિરદાવી હતી. આ તકે રોટરી કલબ ઓફ અમરેલી ગીરનાં પ્રેસિડેંટ રવી પરિખ, સેક્રેટરી ડો. જીત જોષી, રોટરેકટ કલબ ઓફ અમરેલીનાં પ્રેસિડેંટ આષિશ રૂપારેલિયા, સેક્રેટરી નિખિલ સોઢા, પૂર્વ પ્રેસિડેંટ મિલિ ઠાકર, નયના આચાર્ય સહિતનાં તમામ મેમ્બરો ઉપસ્થિત રહી આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. અને અંતમાં તમામ મેમ્બરોને ડ્રિમ કેચર કન્સલ્ટન્સી દ્વારા એક ઔષધિ છોડનું વિતરણ કરાયુ હતું. સમગ્ર કાર્યક્રમનું એનાઉન્સીંગ નિશા ત્રિવેદીએ કર્યુ હતું. તેમ સેક્રેટરી રાધિકા ગોલની યાદી જણાવે છે.

## પાના ૮ ઉપરનું ચાલું ધારીનાં વેપારીને ત્યાંથી

સ્ટોરની દુકાન ધરાવતા હોઇ અને ધારીની આંબલી શેરી પાસે રહેતા આરોપી અજયભાઇ સુંદરલાલ મઢીયાએ વેપારીની દુકાનેથી સને ૨૦૨૫ ના દસમાં મહિનાથી ઉધાર કરીયાણુ લઈ અને પૈસા પછી ચુકવી આપવાનો વિસ આપી વેપારીને વિસમાં લઈ અને વેપારી પાસેથી અલગ અલગ સમયે કુલ રૂપિયા ૩,૭૦,૬૪૯નું જથ્થાબંધ કરીયાણુ લઈ અને વેપારી પાસેથી ખરીદેલ કરીયાણાની રકમ નહી આપી વિસઘાત કરી ઠગાઇ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૪૦ | ૧૩૯૦ |
| ૨ | શિંગદાણા | ૧૪૯૫ | ૨૦૦૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૫૪૦ | ૧૯૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૩૭૫ | ૨૯૦૦ |
| ૫ | તલ કાળા | ૨૨૨૦ | ૩૯૩૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૪૨૫ | ૨૪૩૦ |
| ૭ | બાજરો | ૪૩૫ | ૪૩૫ |
| ૮ | જુવાર | ૯૫૦ | ૧૧૪૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૭૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૫ |
| ૧૧ | મકાઈ | ૬૨૦ | ૬૨૦ |
| ૧૨ | મગ | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૧૩ | ચણા | ૯૭૦ | ૧૧૮૫ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૧૬ | તુવેર | ૮૫૦ | ૧૩૯૦ |
| ૧૭ | કપાસ | ૮૪૦ | ૧૯૪૫ |
| ૧૮ | એરંડા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૧૯ | જીરૂ | ૨૦૦૦ | ૩૭૨૫ |
| ૨૦ | રાયડો | ૧૧૫૦ | ૧૩૩૫ |
| ૨૧ | રાય | ૧૧૧૦ | ૧૫૫૦ |
| ૨૨ | ધાણી | ૨૦૦૦ | ૨૯૭૦ |
| ૨૩ | અજમા | ૧૫૧૦ | ૨૨૩૦ |
| ૨૪ | મેથી | ૧૦૪૦ | ૧૩૨૫ |
| ૨૫ | સોયાબીન | ૧૧૦૦ | ૧૫૧૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાની મર્કેન્ટાઈલ

અનેક સંસ્થાઓના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપતા આવ્યા છે. તેઓ નાગરિક બેંકના ચેરમેન તરીકે સફળ, પારદર્શક અને દુરંદેશી વહીવટ માટે જાણીતા રહ્યા છે. ઉપરાંત મર્કન્ટાઇલ ક્રેડિટ કો. ઓ. સોસાયટી લિ. સાથે પણ લાંબા સમયથી ડિરેકટર તરીકે જોડાઈ સંસ્થાના વિકાસમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી રહ્યા છે.

સંસ્થાના આદ્ય સ્થાપક અને પૂર્વ ચેરમેન સ્વર્ગસ્થ ડો. કે.એચ. ચૌહાણના અવસાન બાદ ખાલી પડેલા ચેરમેન પદ માટે યોજાયેલી બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠકમાં મનોજભાઈ જોગીની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. તેમની વરણીને શહેરના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓએ આવકારી વિસ વ્યકત કર્યો કે તેમના અનુભવી નેતૃત્વ હેઠળ સંસ્થા વિકાસના નવા સોપાનો સર કરશે.

ચેરમેન તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ મનોજભાઈ જોગીએ જણાવ્યું હતું કે, સભાસદોના વિસને જાળવી સંસ્થાને વધુ મજબૂત, આધુનિક, પારદર્શક અને પ્રગતિશીલ બનાવવા તેઓ સંપૂર્ણ નિષ્ઠા સાથે કાર્ય કરશે. સંસ્થાના દરેક સભાસદના હિતોનું રક્ષણ થાય અને મર્કન્ટાઈલ ક્રેડિટ કો. ઓ. સોસાયટી લિ. બાબરા સહકારી ક્ષેત્રમાં વિકાસની પ્રથમ હરોળમાં સ્થાન મેળવે તે માટે સમગ્ર ટીમ સાથે સંકલનપૂર્વક કાર્ય કરવામાં આવશે.

આ પ્રસંગે તેમણે સંસ્થાનાઆદ્ય સ્થાપક અને પૂર્વ ચેરમેન સ્વર્ગસ્થ ડો. કે.એચ. ચૌહાણને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું કે, ' 'ડો. ચૌહાણે સંસ્થા માટે જોયેલા સપનાઓ અને અધૂરા રહેલા વિકાસકાર્યોને પૂર્ણ કરવું એ જ મારી સાચી શ્રદ્ધાંજલિ રહેશે.'' તેમણે સંસ્થાને નવી ઊંચાઈઓએ પહોંચાડવા દઢ સંકલ્પ વ્યકત કરતાં સભાસદોના સતત સહકારની અપેક્ષા પણ વ્યકત કરી હતી.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૨ | શીંગ દાણા | ૨૦૦૦ | ૨૬૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ૪ | તલ કાળા | ૩૧૫૦ | ૩૮૦૦ |
| ૫ | જીરૂ | ૩૪૦૧ | – |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૨૦ |
| ૯ | બાજરો | ૪૨૫ | ૫૦૦ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૧૨૫૧ |
| ૧૧ | મગ | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ૧૩ | એરંડી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૧૪ | મેથી | ૧૨૦૦ | ૧૨૮૦ |
| ૧૫ | ધાણા | ૨૨૦૦ | ૨૮૦૦ |
| ૧૬ | સોયાબીન | ૧૩૦૦ | ૧૫૬૦ |

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં જીરા ગામે

ચૂકવણી પણ કરી દેવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. સાથે જ સંબંધિત રેલ્વે અધિકારીઓએ આવી કામગીરી કેવી રીતે સ્વીકારી તે અંગે પણ ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

રજૂઆતને ગંભીરતાથી લઈને સાંસદ સ્થળ પર પહોંચ્યા હતા અને પ્લેટફોર્મનું નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન રજૂઆતમાં કરાયેલા આક્ષેપો પ્રાથમિક દ્રષ્ટિએ સાચા જણાતા તેમણે અધિકારીઓ સાથે સ્થળ પર જ ચર્ચા કરી હતી. સાંસદે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દેશભરમાં રેલ્વેના આધુનિકીકરણ અને મુસાફરોને ઉત્તમ સુવિધાઓ આપવા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રેલ્વે સ્ટેશનોને આધુનિક અને સુવિધાસભર બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારે અધિકારીઓ અને કોન્ટ્રાકટરોની બેદરકારીના કારણે જાહેર નાણાંનો બગાડ કોઈ પણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં.

જીરા રેલ્વે સ્ટેશન સહિત આશરે ૬ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં પ્લેટફોર્મનું નિર્માણ પણ સામેલ હતું. જોકે, થોડા જ મહિનામાં પ્લેટફોર્મની ગુણવત્તા અંગે પ્રશ્નો ઉભા થતાં સમગ્ર કામગીરી શંકાના ઘેરામાં આવી છે. સાંસદે નબળું કામ સંપૂર્ણપણે દૂર કરીને નવા ધોરણો મુજબ ફરીથી કામ કરાવવા તેમજ જવાબદાર કોન્ટ્રાકટર એજન્સી સામે કડક કાર્યવાહી કરીને તેને બ્લેકલિસ્ટ કરવાની સૂચના આપી છે.

હવે સમગ્ર મામલે રેલ્વે વિભાગ જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાકટર સામે શું કાર્યવાહી કરે છે અને જાહેર નાણાંના દુરૂપયોગ માટે કોને જવાબદાર ઠેરવવામાં આવે છે, તેના પર સૌની નજર મંડાઈ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૮૧ | ૨૭૦૦ |
| ૩ | તલ કાળા | ૩૧૦૦ | ૩૫૭૮ |
| ૪ | કપાસ | ૧૭૫૦ | ૧૮૧૦ |
| ૫ | બાજરો | ૪૫૧ | ૫૪૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૨ | ૫૩૪ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૧૨૬૬ |
| ૮ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૯ | મગ | ૧૫૦૦ | ૧૮૦૫ |
| ૧૦ | અડદ | ૧૫૨૫ | ૧૫૨૫ |
| ૧૧ | ચણા | ૯૦૧ | ૧૧૦૦ |
| ૧૨ | એરંડી | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૧૩ | ધાણા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૧૪ | મેથી | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૧૫ | સોયાબીન | ૧૩૫૫ | ૧૫૦૦ |
| ૧૬ | રાય | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૧૭ | શીંગદાણા | ૧૦૫૧ | ૧૫૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલા વિભાગનાં લિસ્ટેડ ઈસમોને

આવે તે અંગે સમજ સાથે પોલીસની ભાષામાં કડક ચેતવણી આપીને પોલીસ તંત્રએ નવતર પહેલ કરી હતી. સાવરકુંડલા ટાઉનના ૯૮, સાવરકુંડલા રૂલરનાં ૫૮, વંડાના ૧૦ અને લીલીયાનાં ૧૧ પોલીસ ચોપડે નોંધાયેલા ગુન્હેગારો સાથે એક બેઠક કરીને ડીવાયએસપીએ કડક ભાષામાં ચેતવણી સાથે સમાજમાં વ્યવસ્થિત રહીને સારા કામો કરીને પૂનઃ સ્થાપિત થવાથી ગુન્હાહિત પ્રવૃત્તિઓ અટકે તેવા ધ્યેય સાથે પોલીસ તંત્રએ નવતર પહેલ કરી હતી.


### મામલતદાર અને તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ બાબરા

જન્મ/મરણ/ પરચુરણ અરજી.નં. ૧૭૩/૨૦૨૬ તા.૧૯/૦૬/૨૦૨૬

વિવાદી : **શ્રી કમળાબેન કાળુભાઈ નાગલા**
રહે. ખાખરીયા, તા. બાબરા, જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

પ્રતિવિવાદી : જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી – ખાખરીયા,
મુ. ખાખરીયા, તા.બાબરા, જિ.અમરેલી

**–: જાહેર નોટિસ :–**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **ખાખરીયા** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્રી શ્રી **રંજનબેન કાળુભાઈ નાગલા નો જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૯ના રોજ મોજે. ખાખરીયા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય, જે તે સમયે તેમના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૨૨/૦૫/૨૦૨૬** થી અરજી કરેલ છે, તો આ કામના સામાવાળાએ **જન્મનોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ બપોરનાં ૧૨:૦૦ કલાકે** વાંધા/તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર બાબરા**


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૪૦ | ૧૭૫૦ |
| ૨ | મગફળી | ૧૨૦૫ | ૧૨૮૦ |
| ૩ | તલ સફેદ | ૨૨૪૦ | ૨૫૮૦ |
| ૪ | તલ કાળા | ૩૧૪૦ | ૩૫૪૦ |
| ૫ | જીરૂ | ૨૮૫૦ | ૩૬૪૦ |
| ૬ | ચણા | ૧૧૧૦ | ૧૧૫૫ |
| ૭ | ઘઉં | ૫૦૫ | ૫૨૫ |

# રાજુલા વિસ્તારમાં નેશનલ હાઈવે પર માર્ગ વિભાગનાં અધિકારીઓએ સ્થળ મુલાકાત કરી



જિલ્લા કલેકટરના સૂચન અનુસાર તા. ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાજુલા તાલુકાના કથીવદર, વિસળીયા અને હિંડોરાણા ગામને જોડતા નેશનલ હાઈવે પર માર્ગ સલામતીના વિવિધ મુદ્દાઓને લઈ સંબંધિત વિભાગોના અધિકારીઓ દ્વારા સંયુક્ત સ્થળ મુલાકાત કરવામાં આવી હતી. સ્થળ મુલાકાત દરમિયાન નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ)ના અધિકારીઓ, નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી), રાજુલા મામલતદાર, રાજુલા પોલીસ ઈન્સ્પેકટર, જિલ્લા ટ્રાફિક પોલીસ અધિકારી તથા આર.ટી. ઓ.ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્થળ નિરીક્ષણ દરમિયાન કથીવદર, વિસળીયા અને હિંડોરાણા ગામ માટે સર્વિસ રોડની આવશ્યકતા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ત્રણેય ગામ માટે સર્વિસ રોડના નિર્માણ માટે જરૂરી જમીન સંપાદનની કામગીરી મામલતદારના સંકલનથી એનએચએઆઈ દ્વારા હાથ ધરવામાં આવશે. માર્ગ સલામતીને વધુ સુદ્રઢ બનાવવા સર્વિસ રોડનું નિર્માણ થાય ત્યાં સુધી કેનેકિટંગ રોડ પર સ્પીડ બ્રેકર તથા નેશનલ હાઈવે પર રમ્બલ સ્ટ્રીપ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. ઉપરાંત જયાં ગામના રસ્તાઓ નેશનલ હાઈવે સાથે જોડાય છે તેવા સ્થળોએ અંદાજે ૧૦૦ મીટર અગાઉથી માર્ગદર્શક સૂચના ફલકો મૂકવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. સ્થળ મુલાકાત દરમિયાન વર્ષ દરમિયાન વધુ અકસ્માતો નોંધાતા ત્રણ સ્થળોએ હાઈ માસ્ટલાઈટ સ્થાપિત કરવા અંગે પણ નિર્ણય લેવાયો હતો, જેથી વાહનચાલકોને રાત્રિના સમયે વધુ સુરક્ષા મળી રહે. આ ઉપરાંત નેશનલ હાઈવે પરના અનધિકૃત દબાણો, લારીઓ, ગલ્લાઓ તેમજ અન્ય અવરોધો દૂર કરવા, અનધિકૃત ડિવાઈડર કટ બંધ કરવા તેમજ ગેરકાયદેસર કટ દૂર કરવા માટે સંબંધિત વિભાગો દ્વારા નિયમિત કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સ્થળ મુલાકાત દરમિયાન અધિકારીઓએ માર્ગ સલામતીના વિવિધ પાસાઓનું નિરીક્ષણ કરી અકસ્માત નિવારણ માટે જરૂરી પગલાં ઝડપી અમલમાં મૂકવા સંબંધિત વિભાગોને સૂચના આપી હતી. તેમ સહાયત પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

## લોહી-પાણી એક કરીને મીઠું પકવતાં અગરીયાઓમાં ચિંતાનો માહોલ

# રાજુલાનાં દેવપરા વિસ્તારનાં અગરોમાં વરસાદી પાણી ફરી વળ્યા

**અંદાજિત લાખો રૂપિયાનું નુકસાન થયું હોય યુધ્ધનાં ધોરણે સર્વે કરવા માંગ ઉભી થઈ**

**શ્રમિક પરિવારોમાં ચિંતાનો માહોલ ઉભો થયો હોય સર્વે બાદ તાત્કાલિક આર્થિક સહાય કરવા માંગ**

**સ્થાનિક આગેવાનો અગરિયાઓને સહાય મળે તે માટે સતત રજૂઆત કરી રહ્યા છે**

**સાંસદ સહિતનાં જનપ્રતિનિધિઓએ શ્રમિક પરિવારોની મદદ કરવી જરૂરી બની**






અમરેલી, તા. ૧૩

રાજુલાનાં દેવપરા નજીક આવેલ અગરોમાં તાજેતરમાં પડેલ ભારે વરસાદથી પાણીનો ભરાવો થતાં લાખો રૂપિયાનું નુકસાન થયું હોય અગરિયાઓએ નુકસાન અંગે યુધ્ધનાં ધોરણે સર્વે કરીને જરૂરી આર્થિક સહાય કરવી જોઈએ તેવી માંગ કરી છે.

તાજેતરમાં પડેલ ભારે વરસાદથી વર્ષોથી લોહી-પાણી એક કરીને "અગર"નાં માધ્યમથી મીઠું પકવતાં અગરિયાઓનાં અગરમાં પાણીનો ભરાવો થતાં મોટી માત્રામાં મીઠાનો નાશ થયો હોય અને શ્રમિક પરિવારો ચિંતામાં મુકાયા હોય સ્થાનિક આગેવાનો વાલભાઈ, ગૌતમભાઈ ગુજરીયા, લાલભાઈ વાજા ધ્વારા માર્ગની મરામત અંગે સારી કામગીરી કરી રહ્યા છે અને ગામનાં આગેવાન પ્રકાશભાઈ વાજાએ પણ નુકસાનીનું સર્વે કરવા માંગ કરેલ છે.

આ અંગે અમરેલીનાં સાંસદ સહિતનાં જનપ્રતિનિધિઓએ "અગર"ની મુલાકાત લઈને અગરિયાઓને થયેલ નુકસાન અંગે સર્વે કરાવીને ઝડપથી આર્થિક સહાય મળે તે માટે રાજય સરકાર સમક્ષ રજૂઆત કરવી જોઈએ તેવું સૌ ઈચ્છી રહ્યું છે.

## ઉંધી રકાબી જેવા શહેરમાં નિકાલના અભાવે પાણીનો ભરાવો

# સાવરકુંડલામાં બેઠકજી અને શાશ્વત સ્કૂલ રોડ પર ભરાયા તળાવ જેવા પાણી

**રિવરફ્રન્ટની પ્રોટેક્શન વોલ પાણીના નિકાલમાં બની દીવાલ**



સાવરકુંડલા, તા.૧૩

ચોમાસાની સીઝન શરૂ થતાં જ સાવરકુંડલા શહેરમાં પ્રશાસનની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલ્લી પડી ગઈ છે. સામાન્ય રીતે 'ઊંધી રકાબી' જેવા ભૌગોલિક આકાર ધરાવતા સાવરકુંડલા શહેરમાંથી પાણી ઝડપથી વહી જતું હોય છે, પરંતુ શહેરના ઢાળવાળા વિસ્તાર સમાન બેઠકજી અને શાશ્વત સ્કૂલ તરફ જતા રસ્તા પર હાલ કંઈક જુદો જ અને ચિંતાજનક નજારો જોવા મળી રહ્યો છે. આ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે રસ્તાની બાજુમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે.

આ જળભરાવ પાછળનું મુખ્ય કારણ નાવલી નદીના કિનારે બની રહેલ રિવરફ્રન્ટની મજબૂત પ્રોટેકશન વોલ હોવાનું સામે આવ્યું છે. આ અડીખમ દિવાલ ચટ્ટાન બનીને ઊભી રહી ગઈ હોવાથી વરસાદી પાણી આગળ નદીમાં વહી શકતું નથી અને પાછળના ભાગમાં જમા થઈ રહ્યું છે. આ ભરાયેલા પાણીના દ્રશ્યને જો ઝૂમ કરીને બારીકાઈથી જોવામાં આવે, તો પાણીની વચ્ચે રહેલો વિસ્તાર જાણે કોઈ ટાપુ (દ્વિપ) હોય તેવો ભાસ થાય છે!

સ્થાનિક રહીશોમાં આ સ્થિતિને લઈને ભારે આક્રોશ છે, તો સાથે જ લોકો તંત્રની આ લાપરવાહી પર કટાક્ષપણ કરી રહ્યા છે. લોકો ગણગણાટ કરી રહ્યા છે કે, 'નગરપાલિકા તંત્ર આ આફતને અવસરમાં ફેરવીને આ જગ્યાને પણ કયાંક પર્યટન સ્થળ જાહેર ન કરી દે!' તો વળી કેટલાક લોકો એવી હળવી મજાક પણ કરી રહ્યા છે કે નગરપાલિકા પાણીના નિકાલનું આયોજન કરે ત્યાં સુધીમાં તો આ ભરાયેલા પાણીમાં નેકાન (બોટિંગ) ચાલવા લાગે!

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ ગંભીર સમસ્યા અંગે તંત્ર વાકેફ હોવા છતાં હજુ સુધી હંગામી ધોરણે પણ વરસાદી પાણીના નિકાલ માટે કોઈ પંપિંગ કે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી નથી. જો આગામી દિવસોમાં વધુ વરસાદ પડશે તો આસપાસના રહીશો અને સ્કૂલે જતા બાળકો માટે સ્થિતિ વધુ કપરી બની શકે છે.

હવે જોવાનું એ રહે છે કે નગરપાલિકા તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી જાગીને આ વિસ્તારની વરસાદી પાણી નિકાલની વ્યવસ્થાનું કાયમી આયોજન કયારે કરે છે કે પછી લોકોએ આમ જ પાણીની સંગાથે રહેવા મજબૂર થવું પડશે.

## કુલ ૮૯૧ સિંહમાંથી ૩૩૯ સિંહોની જનસંખ્યા ધરાવતા

# અમરેલી જિલ્લામાં સૌથી વધુ એશિયાટિક સિંહોની વસ્તી છતાં હેડક્વાર્ટરમાં વન વિભાગની મુખ્ય કચેરી નથી

**જનતાને રજુઆત કરવા માટે ધારી અથવા પાલિતાણા જવુ પડે**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં છેલ્લા સવા માસના સમય ગાળા દરમિયાન જ મનાવીઓ અને સિંહ ઘર્ષણની સાત સાત ઘટનામાં પાંચ લોકોના જીવ ગયા છે. ત્યારે તેમાં મહત્વની બાબત જોઈ તો એશિયાટિક સિંહોની વધતી જતી વસ્તી વચ્ચે હાલમાં અમરેલી જિલ્લો આજે રાજયમાં સૌથી વધુ સિંહ ધરાવતો જિલ્લો બની ગયો છે. વર્ષ ૨૦૨૫ની સિંહ ગણતરી મુજબ રાજયમાં કુલ ૮૯૧ સિંહ નોંધાયા છે, જેમાંથી સૌથી વધુ એટલે કે, ૩૩૯ સિંહ એકલા અમરેલી જિલ્લામાં નોંધાયા છે. તેમ છતાં આ સમગ્ર વિસ્તારના સંચાલન માટે જરૂરી વન વિભાગની સિંહ સંબંધી મુખ્ય કચેરીઓ આજે પણ અમરેલી જિલ્લા મથકથી બહાર કાર્યરત છે. જેથી આવી કચેરી અમરેલી જિલ્લા મથકની બહાર કાર્યરત હોવાના કારણોસર સ્થાનિક લોકો અને વિવિધ સંસ્થાઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં ગીર પૂર્વ વનવિસ્તારનો મોટો ભાગ આવેલો છે, જેની મુખ્ય કચેરી ધારી ખાતે કાર્યરત છે. આ ઉપરાંત ગીર અભ્યારણ્યની સીમા બહારનો પણ વિશાળ વિસ્તાર આવેલો છે. જયાં મોટી સંખ્યામાં એંશીયટિક સિંહો વસવાટ કરે છે. તેને બૃહદગીર (ગ્રેટર ગીર) તરીકે ઓળખવામાં આવે છે. તેમાં અમરેલી, લીલીયા, સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, પીપાવાવ સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સિંહોની સંખ્યા અને તેમનું વિચરણ સતત આ વિસ્તારોમાં સતત વધી રહ્યું છે.

બૃહદગીર વિસ્તારના વહીવટી સંચાલન માટે વન વિભાગે શેત્રુંજી ડિવિઝન રચ્યું છે. શેત્રુંજી નામ અપાતા તેની મુખ્ય કચેરી ભાવનગરના પાલીતાણા ખાતે સ્થાપવામાં આવી છે. જોકે પાલીતાણા માત્ર તાલુકા મથક છે. જયારે અમરેલી જિલ્લો રાજયમાં સૌથી વધુ સિંહ ધરાવતો જિલ્લા મથક હોવા છતાં અહીં વન વિભાગની સિંહ સંબંધી કોઈ વિભાગીય કચેરી કાર્યરત નથી. હાલમાં અમરેલી શહેરમાં વન વિસ્તરણ રેન્જની કચેરી કાર્યરત છે, પરંતુ તેની કામગીરી મુખ્યત્વે વૃક્ષારોપણ, સામાજિક વનીકરણ અને અન્ય નાગરિક વિકાસલક્ષી પ્રવૃત્તિઓ પૂરતી મર્યાદિત છે. સિંહ, દીપડા સહિતના વન્યજીવોના સંચાલન, બચાવ, વળતર, પરવાનગી અથવા અન્ય મહત્વના વહીવટી કાર્યો માટે અમરેલી જિલ્લાના લોકોને ધારી અથવા પાલીતાણા સુધી જવું પડે છે.

અમરેલીમાં જિલ્લામાં સેથી વધુ સિંહ હોવા છતાં જિલ્લા મથકે સંબંધિત કચેરીનો અભાવના કારણે અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. વન્યજીવોના વધતા વિચરણ, માનવ-વન્યજીવ સંઘર્ષના બનાવો, ખેડૂતોના પ્રશ્નો, પશુહાનિના વળતર, બચાવ કામગીરી અને અન્ય વહીવટી પ્રક્રિયાઓને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે જિલ્લા મથક એવા અમરેલીમાં જ વન વિભાગની સિંહ સંબંધી મુખ્ય કચેરી કાર્યરત કરવાની માંગ લાંબા સમયથી ઉઠી રહી છે. સ્થાનિક આગેવાનો, સામાજિક સંસ્થાઓ અને નાગરિકોનું માનવું છે કે, રાજયમાં સેથી વધુ સિંહ ધરાવતા જિલ્લાને આ બાબતમાં પ્રાથમિકતા મળવી જોઈએ.

વન્યજીવ સંરક્ષણ સાથે સંકળાયેલા જાણકારોના મતે જો અમરેલી જિલ્લા મથકે જ વિભાગીય કચેરી કાર્યરત કરવામાં આવે તો વહીવટી કામગીરી ઝડપી બનશે, લોકોને અનાવશ્યક ધક્કા નહીં ખાવા પડે અને સમગ્ર બૃહદગીર વિસ્તારનું સંચાલન પણ વધુ અસરકારક રીતે થઈ શકશે.


**જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર**

**અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...**

**અનિલસિંહ જનવાર : Mo.9426831241**


## પત્રકારની પૌત્રી હેતસ્વીના જન્મદિને

# ચિત્તલનાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે રકતદાન કેમ્પનુ આયોજન

**રકતદાતાઓને રકતદાન કરવા અનુરોધ કરાયો**

ચિત્તલ, તા. ૧૩

ચિત્તલના સરકારી દવાખાનામાં ફાર્માસીસ્ટ તરીકે ફરજ બજાવતા મેહુલભાઈ દાફડાના સ્વ. પિતા તે સ્વ. મોહનભાઈ મેઘજીભાઈ દાફડા (નિવૃત સર્કલ ઈન્સ્પેકટર)ની ત્રીજી પુણ્યતિથિના સ્મરણાર્થે તે તેમજ સાથોસાથ ચિત્તલના જાણીતા વિવિધ મીડિયા ક્ષેત્રે પાંચ દાયકાથી સેવા આપતા વરિષ્ઠ પત્રકાર હર્ષદ ત્રિવેદી તેમજ તેની પૌત્રી ચિ. હેતસ્વીના બન્નેના જન્મદિવસ નિમિત્તે સંયુકત રીતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અમરેલી દ્વારા "બ્લડ ડોનેશન કેમ્પ"નું આયોજન ચિત્તલના સામુહીક આરોગ્ય કેન્દ્ર ચિત્તલ ખાતે તા. ૧૪/૦૭/૨૦૨૬ને મંગળવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી કરવામાં આવેલ છે. તો ચિત્તલ તથા જસવંતગઢ તથા દરેક આજુબાજુના ગ્રામ્ય ઈચ્છુક "રકતદાતા"ઓને હાજર રહી "રકતદાન મહાદાન" કરી હાજરી આપવા સાથ સહકાર આપવા ભાવભરી નમ્ર અપિલ કરવામાં આવી છે. જાહેલ નિમત્રણ આપેલ છે.

# બાબરાનાં મુખ્ય સ્વામીનારાયણ મંદિરમાં પૂજય સંતોની પાવન ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરાના રાજકોટ રોડ સ્થિત ભગવાન સ્વામીનારાયણ મુખ્ય મંદિરમાં પૂજય સંતો-મહંતોની પ્રેરણાદાયી અને દિવ્ય ઉપસ્થિતિમાં મંદિર પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણ સંરક્ષણ, હરિયાળું ગુજરાત અને આધ્યાત્મિક જીવન સાથે પ્રકૃતિના જતનનો સંદેશ આપતા આ કાર્યક્રમમાં ભક્તો અને સેવકો ઉત્સાહભેર જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન પૂજય કોઠારી સ્વામી ધર્મવલ્લભદાસજી સ્વામી, પૂજય સર્વેમંગલદાસજી સ્વામી તથા પૂજય પવિત્રસ્વરૂપ સ્વામીની પાવન નિશ્રામાં વિવિધ વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. સંતોએ પોતાના આશીર્વચનમાં વધુમાં વધુ વૃક્ષો વાવવા, તેનું જતન કરવા અને પર્યાવરણને સ્વચ્છ તથા હરિયાળું બનાવવા સૌને પ્રેરણા આપી હતી. આ પ્રસંગે સ્થાનિક સેવકો બાવાલાલ હિરપરા, કાળુભાઈ સોની, અમૃતભાઈ ચૌધરી, રામભાઈ આસોદરિયા સહિત મોટી સંખ્યામાં હરિભક્તો અને સેવકો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય અને આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું.

